Letter No: ED/0669/06/2026 Approved Date: 18-06-2026

ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક શાળાના તારીખ ૦૧/૦૧/૨૦૦૬ પહેલાં પુરા પગારમાં આવેલા શિક્ષકોને એન્ટ્રી લેવલ-પે નો લાભ આપવા બાબત

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક:ED/GMO/e-file/3/2023/0805/G-1
સચિવાલય,ગાંધીનગર.
તા.ઇ-સાઇન મુજબ

વંચાણે લીધા:-

૧) નાણાં વિભાગના તા.૨૭/૦૨/૨૦૦૯ના જાહેરનામાં ક્રમાંક: (GN-8) PGR-1009-2-Pay Cell (M)

૨) નાણાં વિભાગનો તા.૧૪/૦૯/૨૦૧૧ના ઠરાવ ક્રમાંક: PGR/102010/64/Pay Cell (M)

3) શિક્ષણ વિભાગનો તા.૦૨/૧૨/૨૦૨૫ના ઠરાવ ક્રમાંક: ED/GMO/e-file/3/2023/0805/G-1

૪)કમિશ્નરશ્રી, શાળાઓની કચેરીના તા.૦૭/૦૪/૨૦૨૬ના પત્રક્રમાંક: COS/PRC/efile/276/2025/1523/higher secondary section

૫)કમિશ્નરશ્રી, શાળાઓની કચેરીના તા.૨૧/૦૪/૨૦૨૬ના પત્રક્રમાંક: COS/PRC/efile/276/2025/1523/higher secondary section

આમુખ:

વર્ષ-૧૯૯૯-૨૦૦૦માં બિનસરકારી ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક શાળામાં શિક્ષક (શિક્ષણ સહાયક) તરીકે પ્રથમ નિમણૂક પામેલ અને સરકારશ્રીના ધારાધોરણ મુજબ નિયમોનુસાર પાંચ વર્ષ તારીખ ૦૧/૦૧/૨૦૦૬ના પહેલા(ફીકસ પેનો સમયગાળો પાંચ વર્ષનો)પૂર્ણ થયેલ હોય અને નિયમિત પગારધોરણમાં મદદનીશ શિક્ષક તરીકે નિયુકત થયેલ અને પૂરા પગારમાં ફરજ બજાવતા શિક્ષકોને રૂ.૧૦૨૩૦/- બેઝિક પગાર નક્કી કરવામાં આવેલ છે અને તારીખ ૦૧/૦૧/૨૦૦૬ પછી ઉચ્ચતર માધ્યમિક શાળામાં શિક્ષક( શિક્ષણ સહાયક) તરીકે નિમણૂક પામેલ અને સરકારશ્રીના ધારાધોરણ મુજબ નિયમોનુસાર પાંચ વર્ષ પૂર્ણ થયા બાદ નિયમિત પગારધોરણમાં મદદનીશ શિક્ષક તરીકે નિયુકત થયેલ શિક્ષકોને નાણાં વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૨) પરના તારીખ ૧૪/૯/૨૦૧૧ના ઠરાવ મુજબ પગાર બાંધણી કરી રૂ. ૧૦૮૧૦/- બેઝિક પગાર નક્કી કરવામાં આવેલ. આથી સીનિયર શિક્ષક (તારીખ ૦૧/૦૧/૨૦૦૬ પહેલાના)કરતા જુનીયર શિક્ષક (તારીખ ૦૧/૦૧/૨૦૦૬ પછીના)ના પગાર વધી જવાથી ઉભી થયેલ વિસંગતતા નિવારવા માટે, અત્રેના ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૩) પરના તારીખ ૦૨/૧૨/૨૦૨૫ ના ઠરાવથી કુલ-૧૬૭ કર્મચારીઓને એન્ટ્રી લેવલ-પે નો લાભ મંજૂર કરવામાં આવ્યો હતો.

૨. વહીવટી કારણોસર કેટલાક કર્મચારીઓ આ લાભથી વંચિત રહી ગયા હતા. જે અન્વયે ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૪) અને (૫) પરના કમિશ્નરશ્રી, શાળાઓની કચેરીના પત્રોથી કુલ ૧૧૨ કર્મચારીઓને નાણાં વિભાગના તા.૧૪/૦૯/૨૦૧૧ના ઠરાવ મુજબ એન્ટ્રી લેવલ પે નો લાભ આપવા બાબતે અત્રે દરખાસ્ત કરેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

કાળજીપૂર્વકની વિચારણાને અંતે, ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં ફિક્સ વેતનમાં નિમણૂક પામેલ અને તા.૦૧/૦૧/૨૦૦૬ પહેલા પુરા પગારમાં આવેલ હોય તેવા કુલ ૧૧૨ કર્મચારીઓને નામ.હાઇકોર્ટમાં દાખલ થયેલ SCA નં. ૬૦૭૩/૨૦૨૫, SCA નં. ૧૧૭૩૮/૨૦૨૫, SCA નં. ૧૩૯૫૭/૨૦૨૫, SCA નં. ૧૩૩૪૧/૨૦૨૫, SCA નં. ૧૬૭૮૮/૨૦૨૫ ના અનુક્રમે તા.૨૨/૦૯/૨૦૨૫, તા.૨૨/૦૮/૨૦૨૫, તા.૦૯/૧૦/૨૦૨૫, તા.૨૫/૦૯/૨૦૨૫ અને તા.૦૯/૦૨/૨૦૨૬ના ચુકાદા મુજબ ચૂકવણું કરવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

૨. ઉક્ત મંજૂરી અન્વયે પીટિશનરોને મળવાપાત્ર લાભો કરતાં વધુ લાભો ચૂકવાઇ ન જાય તે સુનિશ્ચિત કરવાની જવાબદારી કમિશ્નરશ્રી, શાળાઓની કચેરીના સંબંધિત અધિકારીશ્રીની રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની નોંધ પરત્વે સરકારશ્રીની તા.૧૫/૦૬/૨૦૨૬ની નોંધથી



Scanned with OKEN Scanner

Letter No: ED/0669/06/2026 Approved Date: 18-06-2026

મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સમીર આઇ. ગોહિલ)
નાયબ સચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અગ્ર-સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના અધિક અગ્ર સચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી (શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી (પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી (પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર-સચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ) ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેંદ્ર, સેકટર-૧૯, ગાંધીનગર
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ તમામ. (કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી મારફત)
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ
- શાખા સિલેક્ટ ફાઇલ

Scanned with OKEN Scanner

Commissionerate of School
Vidya Samiksha Kendra
3rd Floor, Opposite Punitvan, Sector-19, Gandhinagar 382021

Te.No.: 07923254001 E-mail: ss.umabranch@gmail.com


Ref. COS/10+2 /uma-02/2025/ ૧૮૧૨-૫૬ Date: 22/06/2026

**FILE No. COS/STTP/e-file/276/2025/1523/Higher Secondary Secotion**

૨/- શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૧૮/૦૬/૨૦૨૬ના હુકમ ક્રમાંક: ED/GMO/e-file/3/2023/0805/G-1ની નકલ બિડાણો સહિત આ સાથે સામેલ છે. જે મુજબ નિયમોનુસારની અમલવારી કરવા તથા સદર હુકમ અન્વયે આનુષાંગિક કાર્યવાહી કરવા તેમજ કરેલ કાર્યવાહીની વિગતો અત્રેની કચેરીને મોકલી આપવી તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં દાખલ થયેલ SCA No. ૬૦૭૩/૨૦૨૫, SCA No. ૧૧૭૩૮/૨૦૨૫, SCA No. ૧૩૯૫૭/૨૦૨૫, SCA No. ૧૩૩૪૧/૨૦૨૫, SCA No. ૧૬૭૮૮/૨૦૨૫ માં સામેલ કુલ ૧૧૨ કર્મચારીઓને ચૂકવણું થઈ ગયાનું પ્રમાણપત્ર દિન-૨ માં મોકલી આપવા જણાવવામાં આવે છે.

મદદનીશ શિક્ષણ નિયામક(૧૦+૨)
કમિશ્નર શાળાઓની કચેરી
ગુ.રા.ગાંધીનગર

બિડાણ:- ઉપર મુજબ

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
તમામ

જા.નં/ઉચ્ચ/૨૦૨૬/૮૫૩
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
નડીઆદ, જિ-ખેડા
તા:૨૨/૦૬/૨૦૨૬

પ્રતિ,
આચાર્યશ્રી,
ગ્રાન્ટેડ ઉ.મા. શાળાઓ, તમામ

વિષય: ઉક્ત ચુકાદાનો અમલ કરવા હેતુ દરખાસ્ત મોકલવા બાબત (જુન-૨૬ સુધીની જાણકારી સાથે)

જિલ્લા શિક્ષણાધિકારી
ખેડા જિલ્લો - નડીઆદ

Scanned with OKEN Scanner